# ૮૮

સૌની યોજનાને સૈધ્ધાંતિક અને વહીવટી મંજૂરી બાબત

***15/4/2251** શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા(પોરબંદર): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે **, -**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સૌરાષ્ટ્રના જળાશયોને પાણીથી ભરવા સૌની યોજનાની ક્યારે સૈધ્ધાંતિક, વહીવટી અને તાંત્રિક મંજૂરીઓ આપવામાં આવેલ છે, | (૧) |

| | |
|---|---|
| સૈદ્ધાંતિક મંજુરી | ફેબ્રુઆરી-૨૦૧૩ |
| વહીવટી મંજુરી | એપ્રિલ-૨૦૧૩ |
| સુધારેલ વહીવટી મંજુરી | ડીસેમ્બર-૨૦૧૮ |
| તાંત્રિક મંજૂરી **(**પેકેજ વાઇઝ**)** | |
| તબક્કો–૧ | વર્ષ–૨૦૧૩ |
| તબક્કો–૨ | વર્ષ–૨૦૧૬ |
| તબક્કો–૩ | વર્ષ–૨૦૧૮ થી ૨૦૨૩ |

| | | |
|---|---|---|
| (૨) | આ સૈધ્ધાંતિક અને વહીવટી મંજૂરી કેટલી રકમની આપવામાં આવેલ, અને | (૨) |

| | |
|---|---|
| સૈદ્ધાંતિક મંજુરી | રૂ. ૧૦,૦૦૦ કરોડ |
| વહીવટી મંજુરી | રૂ. ૧૦,૮૬૧ કરોડ |
| સુધારેલ વહીવટી મંજુરી | રૂ. ૧૮,૫૬૩ કરોડ |

(ઉપરાંત, સૌની યોજનાના ૧૧૫ જળાશયોના મૂળભૂત આયોજન સિવાયની સૌની યોજનાની આનુસંગિક અંગભુત કામગીરી હાથ ધરવા માટે ફીડરલાઇન તથા એક્સટેન્શન લાઇનને જુન–ઑગસ્ટ–સપ્ટેમ્બર–૨૦૨૦ માં અલગથી રૂ.૪૧૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે)

| | | |
|---|---|---|
| (૩) | ઉક્ત સૈધ્ધાંતિક મંજૂરી કરતાં વધુ રકમનો ખર્ચ થયો હોય તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયો અને તેના કારણો શા છે**?** | (૩) |

- ઉક્ત યોજના પાછળ ઉક્ત સ્થિતિએ રૂ.૧૭૧૫૯/– કરોડનો ખર્ચ થયેલ છે
- સૌની યોજનાના પ્રાથમિક વહીવટી મંજૂરી મેળવવા સમયે પાઇપલાઇનની લંબાઇ નો પ્રાથમિક સર્વે કરવામાં આવેલ તેમજ પ્રથમ અને બીજા તબક્કા દરમ્યાન વિગતવાર સર્વે કરતાં નકશા અંદાજમાં પાઇપલાઇનની લંબાઇમાં વધારો થવા પામેલ.
- સૌની યોજનાના પ્રથમ તબક્કાના અંદાજો GWSSB ના SOR ૨૦૧૧–૧૨ મુજબ તૈયાર કરવામાં આવેલ. જે દરમ્યાન માર્કેટમાં સ્ટીલના ભાવ વધારાના કારણે GWSSB SOR સુધારો થતા તે મુજબ નકશા અંદાજો સુધારવામાં આવેલ.
- આ યોજનામાં પ્રથમ વખત ૩૦૦૦ મી.મી. વ્યાસની માઇલ્ડ સ્ટીલ પાઇપલાઇનનો સમાવેશ કરવામાં આવેલ. આ સાઇઝની પાઇપલાઇનના મેન્યુફેક્ચર માટે પાઇપ મેન્યુફેક્ચરોએ તેમની હયાત કેપેસીટીમાં વધારો કરવો પડેલ

હતો જેના કારણે આ મોટી સાઇઝના પાઇપમાં માર્કેટના ભાવો ઉંચા રહેવા પામેલ.

- પ્રાથમિક મંજૂરીમાં રાઇટ ઓફ યુઝના ખર્ચની તથા પીજીવીસીએલ દ્વારા ઇલેક્ટ્રીસીટીના કનેકશનની લાઇનના ખર્ચને ગણતરીમાં લીધેલ ન હતો, જેને સુધારેલ વહીવટી મંજૂરીની દરખાસ્તમાં ધ્યાને લીધેલ છે.
- પ્રથમ અને બીજા તબક્કાનાં કામો માટે ટેન્ડરની રકમ મુજબ સુધારેલ વહીવટી મંજૂરીની દરખાસ્તમાં ગણતરીમાં લીધેલ છે.

-----------